# સરહદો સીલ : સાબરકાંઠા, અરવલ્લીના શાકભાજી પકવતા ખેડૂતો પાયમાલ

## શાકભાજીના ઢગ ખડકાઈ રહ્યા છે, સસ્તામાં વેચવાની ફરજ, વેપારીઓ માલામાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦ રાજસ્થાનમાં સંપૂર્ણ લૉકડાઉન અને ગુજરાત સાથેની તમામ સરહદો સીલ થવાના કારણે સાબરકાંઠા, અરવલ્લીમાંથી અન્ય રાજ્યમાં જતી શાકભાજીનો જથ્થો સ્થગિત થઈ ગયો છે. જેના કારણે શાકભાજી પકવતા ખેડૂતો કોરોના કાળમાં પાયમાલ બનવાની દહેશત છે. ખેડૂતોના આંગણે અને ખેતરમાં શાકભાજીના ઢગ ખડકાયા છે. જેથી સસ્તામાં શાકભાજી વેચવાની ફરજ પડી છે અને લેભાગુ વેપારીઓ ઓછા ભાવે શાકભાજી ખરીદી પ્રજાને વધુ ભાવે પધરાવી માતબર નફો ઓળવી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી પોષણક્ષમ ભાવે શાકભાજી ખરીદી ડૂબતા ખેડૂતોને બચાવવા જોઈએ.



ખેતીના વ્યવસાયમાં બહું ફાયદો ન હોવાથી મોટાભાગના ખેડૂતોએ બાગાયતી અને શાકભાજીની ખેતી ઉપર પસંદગી ઉતારી છે. એક રીતે બંન્ને જિલ્લાના ખાસ કરીને હિંમતનગર, પ્રાંતિજ, મોડાસા, ઈડર, તલોદ અને વડાલી તાલુકો શાકભાજી ઉત્પાદનનું હબ ગણાય છે. આ વિસ્તારોમાંથી પકવવામાં આવતા ગવાર, રીંગણ, કોબિઝ, ટામેટા, મરચાં સહિતનો પાક રાજસ્થાન, દિલ્હીથી અન્ય રાજ્યોમાં મોકલવામાં આવે છે. પરંતુ કોરોનાના કારણે ગુજરાત સાથેની સરહદો સીલ થયા પછી ખેડૂતોને તૈયાર શાકભાજી વેચવા માટે પાર વગરની મુસીબતોનો સામનો કરવો પડે છે. શાકભાજીના ભાવમાં ૫૦ ટકા ઘટાડો થવા છતાં પણ સ્થાનિક વેપારીઓ ખરીદતા નથી અને મફતના ભાવે ખેડૂતો પાસેથી શાકભાજી ખરીદી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બમણા અને ત્રણ ગણા ભાવથી શાકભાજી વેચી કમાણી કરી રહ્યા છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું કે બોર્ડર બંધ હોવાના કારણે અમને શાકભાજી વેચવા માટે પરવાનગી મળતી નથી પરંતુ શાકભાજી પણ આવશ્યક સેવાઓમાં આવતી હોવાથી ગુજરાત સરકારે અન્ય રાજ્યો સાથે પરામર્શ કરી શાકભાજીના વેપારીઓ આસાનીથી વેચાણ માટે અવર જવર કરી શકે તે પ્રકારની સુવિધા ઉભી કરવાની માંગ કરી છે.



### શાકભાજીના ભાવમાં ખેડૂતોને પડતા ઉપર પાટુનો ઘા..

| શાકભાજી | અત્યારનો ભાવ | અગાઉનો ભાવ(૧ કી.ગ્રામ) |
| --- | --- | --- |
| લીંબુ | રૂા.૪૦ થી ૫૦ | રૂા.૮૦ થી ૧૦૦ |
| દૂધી | રૂા.૪ થી ૫ | રૂા.૧૦ થી ૧૨ |
| રીંગણ-કોબિઝ | રૂા.૪ થી ૫ | રૂા.૮ થી ૧૦ |
| ભીંડા | રૂા.૮ થી ૯ | રૂા.૨૦ થી ૨૫ |
| ધાણા | રૂા.૧૦ થી ૧૨ | રૂા.૩૦ થી ૪૦ |
| ગવાર | રૂા.૮ થી ૧૦ | રૂા.૨૦ થી ૨૫ |
| સરગવો | રૂા.૧૫ થી ૨૦ | રૂા.૩૦ થી ૪૦ |
| ટામેટાં | રૂા.૮ થી ૧૦ | રૂા.૨૦ થી ૨૫ |

# સાબરકાંઠામાં નવા ૧૧૯ પોઝિટિવ કેસ, તંત્રના છૂપા આશીર્વાદથી મેળાવડા જામ્યા

### કુલ મૃત્યુ આંક-૧૨૦ને પાર

તલોદ / બાયડ, તા.૧૦ સાબરકાંઠામાં સોમવારે કોરોનાના નવા ૧૧૯ પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ પોઝિટિવ કેસ ૫૨૯૫ને પાર કરી ગયા છે. કોરોનાનું સંક્રમણ વધવા પાછળ તંત્રના છૂપા આશીર્વાદથી મેળાવડા જામી રહ્યાનું મુખ્ય કારણ છે. પોલીસ અને સ્થાનિક તંત્ર આંખો જોઈને કાર્યવાહી કરતા હોવાના આરોપ લાગ્યા છે.

કોરોના ઉપર અંકુશ આવવાની વાત તો બાજુ પર પરંતુ જિલ્લામાં દિવસે..દિવસે સ્થિતિ વકરી રહી છે. તલોદ થી પોશીના સુધીના વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર માટે અહીં તહીં ભટકતા જોવા મળ્યા છે. રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને ઓળખાણ હોય તો બેડ મળે તેવા આયોજનો સામે ફીટકાર વરસી રહ્યા છે. એક રીતે સરકારની સારી કામગીરીની તંત્ર દ્વારા ખાટલે ખોડ હોય તેમ આયોજનના અભાવના કારણે ટીકા થઈ રહી છે. સરકારી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો અને હિંમતનગર સિવિલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે ઘટાડવું પડે તેવા દ્રશ્યોએ સૌને હચમચાવી મૂક્યા છે. સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફની રેમડેસિવિર ઈન્જેક્શન કાળા બજારમાં સંડોવણીના પગલે રેકેટમાં અનેક માથાં સંડોવાયાની આશંકા છે. ટેસ્ટીંગ ઓછું હોવા છતાં તા.૧૦ મે. ના રોજ સાબરકાંઠા જિલ્લામાં કોરોનાએ એક જ દિવસમાં સદી ફટકારી છે.

#### બાળકોમાં સંક્રમણનું પ્રમાણ વધ્યું..

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હવે બાળકોમાં બેકાબુ બની રહ્યું છે. હિંમતનગરના સઢા, ઈડરના બોલુન્દ્રા(રૂવચ) સહિતના વિસ્તારોમાં બાળકો કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બાળકોમાં સંક્રમણનો ચેપ પ્રસરતાં અન્ય વાલીઓ ચિંતિત બની ગયા છે.

#### તલોદમાં એક સપ્તાહનું સ્વયંભૂ લૉકડાઉન, અમલ શરૂ

તલોદ તાલુકામાં કોરોના કેસમાં સંક્રમણ વધ્યું છે અને મૃત્યુદર ઉંચકાયો છે. તલોદમાં ખરીદી માટે ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રજા મોટી સંખ્યામાં ઉમટે છે અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતો નથી અને તલોદના વેપારીઓએ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કેળવી તા.૧૦ મે. થી ૧૬ મે. સુધીનું એક સપ્તાહનું સ્વયંભૂ લૉકડાઉન જાહેર કર્યું હતું. સોમવારે તલોદના તમામ નાના-મોટા ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ રહેતાં સમગ્ર બજાર સૂમસામ ભાસતું હતું. કોરોનાની ચેઈન તોડવા માટે વેપારીઓએ આપેલા સ્વયંભૂ લૉકડાઉનને પ્રજા પણ આવકારી રહી છે.

#### વડાગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં

# મંદિરે દિવા-અગરબત્તી કરવાના મેસેજ વાયરલ કરનાર બે ઈસમો સામે કાર્યવાહી

### કોરોનાનું સંક્રમણ ફેલાવવાના બદઈરાદે કૃત્ય આચર્યાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્યમાં કોરોનાની વિકરાળ સ્થિતિ છે. વહીવટી તંત્રએ પણ મેળાવડા, લગ્નો સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો ઉપર પ્રતિબંધ લાદવાની સાથે સિમિત સંખ્યામાં આયોજનની સંમતિ આપેલી છે ત્યારે ધનસુરા તાલુકાની વડાગામ ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર કોરોના સંક્રમણને અટકાવવા પ્રજાએ રવિવારે મંદિરે દિવા-અગરબત્તી કરવા જવું તેવો મેસેજ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં પોલીસ દોડતી થઈ હતી અને તપાસ દરમ્યાન ગામના બે ઈસમોએ કોરોનાનું સંક્રમણ ફેલાવવાના બદઈરાદે કૃત્ય આચર્યાનું જણાઈ આવતાં ધનસુરા પોલીસે રસિક ફતાભાઈ પરમાર અને જીજ્ઞેશ દિલીપભાઈ શર્મા (બંન્ને રહે.વડાગામ) વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડીયાનો ખોટા અપપ્રચાર માટે દુરૂપયોગ થઈ રહ્યો છે. વડાગામ ગ્રામ પંચાયતના સરપંચ સહિત સદસ્યો કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે આંશિક લૉકડાઉન, સેનેટાઈઝેશન સહિતના આયોજનો કર્યા છે પરંતુ રવિવારે કોઈ શખ્સો દ્વારા ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર ગ્રામ પંચાયત વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ હળવું થાય તે માટે દેવમંદિરોમાં જઈને દિવો-અગરબત્તી કરવી અને સાંજે ઘરના નેવાંમાં અગરબત્તી કરવી તેવો મેસેજ વાયરલ કરી અંધશ્રદ્ધા ફેલાવવાની સાથે સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ થાય તેવો પ્રયત્ન કર્યો હતો. મેસેજ વાયરલ થયા પછી ધનસુરા પોલીસે તપાસ હાથ ધરતાં ખુદ સરપંચે પોતે આ બાબતથી અજાણ હોવાનું જણાવ્યું અને શકમંદોના નામ આપ્યા હતા. ત્યારબાદ પોલીસે તપાસ હાથ ધરતાં પંચાયતના લેટરપેડ ઉપરનું લખાણ ગામના બે ઈસમોએ લખી અને સોશ્યલ મીડીયામાં ફરતું કર્યાનું જણાઈ આવતાં બંન્ને જણ વિરૂદ્ધ પોલીસ વડાના નિર્દેષ અનુસાર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# ચિંતા : બાયડમાં મ્યુકોમાઈરોસીસના ૪ દર્દી, આરોગ્ય વિભાગ ઉંઘતું ઝડપાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થયા પછી મ્યુકોમાઈરોસીસના દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતાં રાજ્ય સરકાર ચિંતિત બની છે. અરવલ્લીના બાયડ તાલુકામાં અત્યાર સુધીમાં શંકાસ્પદ લક્ષણ ધરાવતા ૪ દર્દી હોવાનું જાણવા મળ્યું છે તેમ છતાં આરોગ્ય વિભાગ ઉંઘતું ઝડપાયા જેવી સ્થિતિ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીમાળીએ ૩ દિવસ પહેલાં જ જિલ્લામાં એકપણ મ્યુકોમાઈરોસીસનો કેસ ન હોવાનું ગાઈ-વગાડીને કહ્યું હતું પરંતુ અધિકારીને પૂછો કોરોનાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી છે ખરી..?? કોરોનાને હરાવીને ઘરે આવેલા દર્દીઓને ત્યાર પછી શું વિટંબણાઓ છે તે જાણવાનો આરોગ્ય વિભાગે પ્રયાસ કર્યો છે ખરો..??

ગુજરાત સરકાર કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા માટે તમામ પ્રયાસ કરી રહી છે પરંતુ હવે બીજી ઉપાધી સામે આવી છે. કોરોનાથી સાજા થયા બાદ મ્યુકોમાઈરોસીસના લક્ષણો દર્દીઓમાં જોવા મળ્યા છે. અત્યાર સુધી ઉત્તર ગુજરાતમાં આવાં કોઈ લક્ષણો ધરાવતા દર્દી જાહેરમાં દેખાયા ન હતા જેના કારણે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને રાહત હતી પરંતુ અરવલ્લી જિલ્લામાં ૪ થી વધુ મ્યુકોમાઈરોસીસના દર્દી હોવાનું જાણવા મળ્યું છે. રોગના લક્ષણોમાં આંખો તેમજ માથાનો દુઃખાવો, આંખો ઉપસી આવવી, હોઠ તેમજ તાળવામાં ચાંદા પડવા જેવા લક્ષણો જોવા મળે છે. કોરોનાનું સંક્રમણ વધવાની સાથે મ્યુકોમાઈરોસીસના દર્દીઓ સામે આવતાં આરોગ્ય વિભાગ માટે હવે કોરોનાની સાથે મ્યુકોમાઈરોસીસ એમ બે મોરચે લડવાની નોબત આવી છે. કેટલાક ડૉક્ટરોના જણાવ્યા અનુસાર કોરોનાગ્રસ્ત દર્દીને સ્ટીરોઈડ તેમજ ટોસીબીજમેબ ઈન્જેક્શન આપ્યા પછી દર્દીની રોગપ્રતિકારક શક્તિ ડામાડોળ થઈ જાય છે. જેથી નાક, ગળા અને આંખમાં ફુગનો ફેલાવો થાય છે તેના કારણે મ્યુકોમાઈરોસીસનો રોગચાળો દર્દીમાં દેખાવવા માંડે છે. બાયડ ઉપરાંત બાયડ તાલુકાના પશ્ચિમ અને પૂર્વ પટ્ટામાં આવા દર્દીઓ નોંધાયા છે.

#### અરવલ્લીમાં મ્યુકોમાઈરોસીસના દર્દીઓ માટે ખાસ વોર્ડ શરૂ કરો

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય તંત્રએ કોરોનાના દર્દીઓના સાચા આંકડા અને મૃત્યુઆંક છૂપાવ્યો છે તે હવે પોતાને ભારે પડી શકે છે. અરવલ્લીમાં મ્યુકોમાઈરોસીસનો રોગચાળો વકરી રહ્યો છે. કેટલાક કિસ્સાઓમાં દર્દીને આંખ પણ ગુમાવવી પડે તેવી સ્થિતિ છે ત્યારે અરવલ્લી જિલ્લામાં તંત્ર દ્વારા સત્વરે મ્યુકોમાઈરોસીસના દર્દીની સારવાર માટે ખાસ વોર્ડ શરૂ કરવા પડશે નહીંતર સ્થિતિ વધુ વણસે તેવી પૂરી સંભાવના છે.

# જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની અનિયમિતતા-તોછડા વર્તાવ બાબતે ફરિયાદ

### જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ ગ્રામજનોની રજૂઆતથી ભાંડો ફૂટ્યો..સુધાર આવશે ખરો..!!

બાયડ, તા.૧૦

બાયડ તાલુકાના જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવા સ્થળ નિરીક્ષણ માટે આવેલા જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ સ્થાનિક ગ્રામજનોએ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની અનિયમિતતા અને દર્દીઓ સાથે સ્ટાફના તોછડા વર્તાવની ગંભીર ફરિયાદ કરતાં ઉપસ્થિત અધિકારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આગામી દિવસોમાં સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ચાલતી વહીવટી ગેરરીતી પણ સામે આવે તો ચોંકવા જેવું નહીં હોય.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યની ઉત્તમ સવલતો ઉભી કરવા માટે સુવિધાયુકત સામૂહીક આરોગ્ય કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા છે પરંતુ મોટાભાગે ઓછો સ્ટાફ અને તેમાંય સ્ટાફની અનિયમિતતાના કારણે સ્થાનિક દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે તેમાં જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓ અને તેમના સગાઓને ખરાબ અનુભવ થતા હોવાની ફરિયાદો લાંબા સમયથી સાંભળવા મળે છે. તાલુકાના ભાજપ આગેવાનોએ કોરોનાના વધતા કેસ પછી જીતપુર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં કોવિડ-૧૯ હોસ્પિટલ શરૂ કરવી જોઈએ તેવી વહીવટી તંત્રને રજૂઆત કરી હતી. જે સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, આસીસ્ટન્ટ ટી.ડી.ઓ., બાયડ તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મણીલાલ પટેલ વગેરેએ જીતપુર સામૂહીક કેન્દ્રમાં પહોંચ્યા હતા અને ત્યાં જરૂરી નિરીક્ષણ કર્યા પછી કોવિડ-૧૯ હોસ્પિટલ શરૂ કરવા બાબતે અહેવાલ તૈયાર કરશે પરંતુ અધિકારીઓ આરોગ્ય કેન્દ્રમાં આવ્યા છે તેવું જણાતાં ગામના કેટલાક યુવાનોએ આરોગ્ય કેન્દ્રમાં આવી સ્ટાફની અનિયમિતતા અને દર્દીઓ સાથે તેમનો વર્તાવ સારો ન હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. જો કે આક્ષેપોમાં કેટલું સત્ય છે તે અધિકારીઓએ તપાસવાનું છે પરંતુ વારંવાર આવા આક્ષેપ થતા હોય ત્યારે તપાસ જલ્દીથી કરવી જોઈએ.



## ધનસુરા મામલતદારમાં ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો ૧૬ મે સુધી બંધ

જાહેર હિતોને ધ્યાનમાં રાખી ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો ૧૬ મે સુધી બંધ. ધનસુરા મામલતદારમાં ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો ૧૬ મે સુધી બંધ કરવા માટે કલેક્ટર એ પરિપત્ર જાહેર કર્યો હતો કોરોના ને લઈ ને જાહેર હિતો ને ધ્યાનમાં રાખી ધનસુરા ઈ-ધરા અને જનસેવા કેન્દ્રો ૧૬ મે સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે કોરોના સંક્રમણ વધે નહી તેના તકેદારી ના ભાગરૂપે ભીડ એકઠી ન થાય તેમજ સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે હેતુથી ધનસુરા મામલતદાર કચેરી માં આવેલા જનસેવા કેન્દ્રો તારીખ ૧૦-૫-૨૦૨૧ થી ૧૬-૫-૨૦૨૧ સુધી જાહેર આરોગ્ય ના હીતને ધ્યાનમાં રાખી બંધ કરવામાં આવ્યા છે જનસેવાની અવશ્ય કામગિરી માટે અતિ આવશ્યક સંજોગોમાં મામલતદાર નો સંપર્ક કરવાનો રહેશે.

# સલામ પ્રાથમિક શિક્ષકોને : અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષકોએ કોવિડ હોસ્પિટલમાં ૧૮.૪૫ લાખનું દાન આપ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

પ્રાથમિક શિક્ષકો કંજૂસ હોય છે તેવું કહેનારાઓ માટે આ માત્ર ઉદાહરણ કાફી છે. અરવલ્લી જિલ્લામાં કોરોના બેલગામ બન્યો, અસંખ્ય લોકો મરવા લાગ્યા, સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજન અને બેડની અછત સામે આવી ત્યારે સંવેદનાસભર અરવલ્લી જિલ્લાના પ્રા. શિક્ષકોએ રૂા.૧૮.૪૫ લાખ જેટલી માતબર રકમ એકત્ર કરી મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૧૦ ઓક્સિજન સાથેના આઈ.સી.યુ. બેડ તૈયાર કરવામાં ઉત્તમ યોગદાન આપતાં રાજ્ય સરકાર ઉપરાંત રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક ડૉ.એમ.આઈ.જોષીએ નોંધ લઈ અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકો તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલને અભિનંદન પાઠવ્યા છે.

કોરોનાગ્રસ્ત દર્દી અને તેમના પરિવારજનો જાણે કે ઓક્સિજન ન મળે ત્યારે શું થાય..?? બેડ ન મળે ત્યારે શું થાય..?? લાખો રૂપિયાની સંપતિ હોય તો પણ આવા સમયે કામ લાગતી નથી. જિલ્લાની સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલ અને બેડ માટે તરફડતા દર્દીઓ જોયા છે. કેટલાય દર્દીઓ સમયસર ઓક્સિજન ન મળતાં તરફડીને મોતને ભેટ્યા છે. અખબાર અને ટીવીમાં આવતા અહેવાલો જોઈને જિલ્લાના પ્રા.શિક્ષકો દ્રવિ ઉઠ્યા અને કંઈક મદદ કરીએ અને રાષ્ટ્રધર્મ બજાવીએ તેવા ઉત્તમ વિચાર સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની દોરવણી હેઠળ પ્રા.શિક્ષકોએ દાનની સરવાણી વહાવી અને જોત જોતામાં લાખો રૂપિયાનું દાન એકત્ર થયું. શિક્ષકોએ દાખવેલી માનવતાનું આંકલન ક્યારેય ન થઈ શકે પરંતુ જનજન સુધી તેમના કાર્યને પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે અહેવાલ રજૂ કર્યો છે. શિક્ષકોની માનવતાની નોંધ રાજ્યના તમામ નાગરિકોએ લીધી અને રાજ્યના પ્રા.શિક્ષણ નિયામકે પણ કોરોનાની મહામારીમાં શિક્ષકોએ સરકારી શિક્ષક ન બની રહેતાં મહામારીને નાથવા માટે સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાંમાં ખભે ખભો મીલાવી હકારાત્મક અભિગમથી સહકાર આપ્યો છે. તેમની સેવાને બિરદાવીને અભિનંદનપત્ર મોકલ્યો છે.


**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં. ૧ સને - ૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગુહાઈ નહેર પેટા વિભાગ નં. ૧ ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી ખેડવા યોજના અંતર્ગત અંદાજી રકમ રૂ. ૧.૧૫ લાખના કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડપોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૨૦-૫-૨૦૨૧ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તારીખ ૨૬-૫-૨૦૨૧ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો કચેરીમાં તથા વેબસાઈટ www.statenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

**નામાનિ/હિંમત/૫૯/૨૦૨૧**

**શ્રીજીચરણ સોસાયટી-બાયડના આત્મિય સભ્યોને**

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ.હરેશભાઈ બી. સોની**

સ્વ.તા.૨૭-૪-૨૦૨૧, મંગળવાર

બાયડ, જિ.અરવલ્લી



**સ્વ. ડો.મહેન્દ્રભાઈ પી. ભાવસાર**

સ્વ.તા.૧૬-૪-૨૦૨૧, ગુરૂવાર

બાયડ, જિ.અરવલ્લી

સારા કર્મોની સુવાસ સદાય રહેશે, સારી વાણી હંમેશાં યાદ રહેશે,
દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ આપનું જીવન હંમેશાં યાદ રહેશે,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

**સિનિયર સિટીઝન-શ્રીજીચરણ સોસાયટી, બાયડ**

હસમુખભાઈ સોમાલાલ ધુવાડ — વિનોદભાઈ મગનભાઈ પટેલ
ચંદુભાઈ ખેતાભાઈ પટેલ — ધીરૂભાઈ છગનભાઈ પટેલ
એચ. કે. પટેલ(દાસકાકા) — અતુલભાઈ કે. પટેલ(વકીલ)
અશ્વિનકુમાર અંબાલાલ શાહ — ધીરૂભાઈ હીરાભાઈ વઘાસીયા
ભરતભાઈ જેઠાભાઈ પટેલ

વાત્રક રોડ, બાયડ, જિ.અરવલ્લી